શ્રી હરિ.

શ્રીમદ્ દેવકીનંદનાચાર્ય વીજય

રચનાર,

શ્રી કૃષ્ણોપાશીક વૈષ્ણવ મંડળી

શીનોર.

અમદાવાદ

ધી "એડવર્ડ" પ્રીન્ટીંગ પ્રેસ.—ઠે. મુંબઇ બેંક પાસે.

સંવત્ ૧૯૫૮ સને ૧૯૦૨

વીગતી

શ્રીકૃષ્ણો પાસીક વૈષ્ણવ મંડળીમાં દાખલ થએલા વૈષ્ણવો,

પુરાણી જગન્નાથ કાળા ભટ
કેશવલાલ ગીરધરલાલ
બલદેવ હરીલાલ
ગીરધરલાલ દ્વારકાંદાશ
ગીરધરલાલ ભગવાન
ભોગીલાલ ગીરધરલાલ
હરીલાલ રણછોડ
ચુનીલાલ ભગવાન
ગોરધન અમથારામ
માણેકલાલ મગળ
ચંદુલાલ હરીલાલ
અમૃતલાલ બલદેવ
જમનાદાસ વ્રજલાલ
માણેકલાલ દલપત
છગનલાલ ચુનીલાલ
અમૃતલાલ હરીલાલ
મુળજી ગોરધન

પ્રાણજીવન ગીરધરલાલ
ભોગીલાલ અમૃતલાલ
જમનાદાશ માણેકલાલ
ચુનીલાલ માણેકલાલ
[illegible] ગોરધન
ચંદુલાલ બલદેવ

વિદ્યાપીઠ અમદાવાદ ની કૉપીરાઈટ સંગ્રહ
૩૭૫

સર્વે સેવકોના મહારાજશ્રીને વારંવાર શાષ્ટાંગ દંડવત અંગીકાર કરવા વીનંતી છે.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजरातनी कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૩૭૫ वर्गांक

पुस्तकनुं नाम શ્રીમદ્ દેવકીનંદનાચાર્ય વિજય

विषय ઠ.-:૬.

શ્રી કૃષ્ણાય નમઃ

અખંડ ભૂમંડળાચાર્ય ગોસ્વામી શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજાધીરાજ સીનોરના વૈષ્ણવોની વીનંતીથી વીશ્નુ યાગના પ્રસ્તાવ ઉપર સીનોર પધાર્યા તે વર્ણન

(રાગ સીતાજીના મહીનાનો)

સ્વસ્ત શ્રી પેટલાદ શેહેર, શોભા મુખે શી કહુ.
જ્યા બીરાજે પ્રાણ આધાર, શ્રી દેવકીનંદન ચહુ
તૈલંગ કુલ દીપકનાથ, વૈષ્ણવ શીરછો ધણી
ચર્ણ કમલ બીરાજે જ્યા, શોભા ત્યાંની શી બની
લખીતંગ સેનાપુરથી દાસ, પ્રભુજી તમ તણા
માગે પદરજ પંકજ સાર, દરસનની શી મણા
અપરંચ એહ લખ્યાનુ કારણ, વૈષ્ણવો છે દુખી
માટે પદરજ આપી નાથ, નીજ જનને કરો સુખી
વીશ્નુયાગ જગન કરી સાર, શાન્તી કરો શ્રીહરિ
ચૈત્ર શુદી ૯ શુભ દીન મહુરત રાખ્યુ દીલ ધરી
આપ પધારેથી કૃપાનાથ વૈષ્ણાવો સુખી થશે
નીજ જનને પીડતો રોગ ટળવળી મરી જશે
માટે વીનતી સ્વીકારી મહારાજ, વેહેલા પધારજો
. જન્મો જન્મ નહી ભુલુ ઊપકાર, દયા દીલે લાવજો.

(રાગ સખી સરદ પુનમની રાત)

સજની ચાલોતો જઇએ, પ્રભુજી નીરખવાને આજ
વેગે વધાવવાને કાજ
શ્રી દેવકીનંદન પ્રભુ પ્યારા, બીરાજસે હો આજ ।વેગે.
ચાલો તત્પર થાઓ જલદીથી સાહેલીઓ આજ (વેગે.

સાખી.

ચૈત્ર સુદી દ્વાદશી, સુભ અઠાવન સાલ
શનીવાર શુભ દીન છે, બીરાજ્યાં નંદલાલ
પ્રીતે પુષ્પે વધાવ્યા નાથને હો આજ (વેગે.
આનંદ ઓચ્છવ વાધ્યો, વૈષ્ણવ ખુશી થયા હો આજ (વેગે.

સાખી.

રાત્રીના અઢી વાગતાં, પાવન કીધું શહેર
પદરજ ગંધ્રબરથી ત્યાંહાં, થઈ રહી લીલા લહેર
પધારી જલદી પોહચ્યા લગ્નગરાને કારણે હો આજ (વેગે
ભીડ થઈને આનંદ વાધ્યો બારણે હો આજ (વેગે.

(રાગ. ગરબી.)

ચાલો સજની વીષ્ણુયાગ જોઈએ રે
સુંદર શ્રી મુખ પેખી, કરીએ સ્તુતિ સાર (ચાલો.)

સાખી.

મંડપ રચ્યો સુશોભીતો, ધ્વજા પતાકા સાર
દ્વાર નોબત વાજતી, શરણાઈઓ અપાર
વેદ ધુની કરેછે બ્રહ્મ દેવતારે, મન પ્રફુલીત થયું નર નાર
(ચાલો.)

સાખી.

ચૈત્ર વદી ત્રયોદશી, વાગ્યા સાંજના ચાર
મંડપ માંહે પધારીયા, શ્રી ગોવીંદ રાજકુમાર
થઇ ભીડ દરશનની ત્યાં ઘણીરે, મુક્યા ચોકી પેહેરા ફરનાર (ચાલો)

સાખી.

વીષ્ણુયાગ પુર્ણ કર્યો પધારી મહારાજ
ભેટ લઇ વૈષ્ણવ તણી રાખી સૌની લાજ
પછી પ્રભુ ભોજન થયું રાત્રીએરે, આપી દક્ષણા આશીષ લીધી સાર
(ચાલો.)

(રાગ સારૂં સારૂંરે સુરત શેહેર)

શ્રી દેવકી નંદનલાલ, પધાર્યં પ્રીત ધરી
શ્રી ગોવીંદરાયજીના લાલ, ઘણી કૃપા કરી
ચૈત્ર વદી ચઊદશને ધન્ય ધન્ય અઠાવન સાલરે
શ્રમ કરી સભામાં પધાર્યા, બ્રાહ્મણની ધર્મ શાલ (પધાર્યા.
ઘણી જાતના લોકો સર્વે, રાખી મન ઊલાશરે
શાસ્ત્રી પુરાણી જોસી લોકો, સર્વે આવ્યા ખાસ (પધાર્યા.
ઘણીવાર સુધી ઉપદેશ દીધો, પ્રસન થયુ સહુનું મનરે.
સપ રાખી નીજ ધર્મ ઉપર, પ્રીતી રાખો જન (પધાર્યા.
કોઇ ધર્મની નીંદા ન કરશો, સત સંગ કરજો સારરે
દ્રષ્ટાંતો અનેક તરેહના આપી, ઉપદેશ દીધો અપાર (પધાર્યા
ભાષણ સાંભરી, વીસ્મય થયા સઊ સભા જનરે
ભાવ પ્રમાણે દરસન દીધાં, જેનુ જેનુ મન (પધાર્યા,
વૈષ્ણવ સર્વેને દરશન દીધાં, શ્રી મહા પ્રભુજીનો અવતારરે
બ્રહ્મદેવ જાણો શંકરાચાર્ય, પ્રગટ્યા નકી સાર
પધાર્યા પ્રીત ધરી

(રાગ શું નટવર વસંત ચૈથૈ નાચી રહો)

શું આનંદ ઓછવ જામી રહયો જામી રહયો, અધીક ગાજી રહયો (શું

સાખી.

ચૈત્ર શુદી પુર્ણીમા સુભ અઠાવન સાલ
સવારના છો વાગતાં, બેઠા શ્રીગોપાળ.
યજ્ઞ આરંભ્યો પોતે કૃપા કરી, દીધો શ્રમ નવ જાય કહયો (શું.
ગ્રહણ જાણી પધારીયા, ખાસ ક્ષેત્ર સુભ ધામ
સંગે વૈષ્ણવ સાથે લઇ, ભકતનાં કીધાં કામ

અહાગુ નાહીને બેઠા શ્રી જપ કરવારે, તત્પર થઇ સઊ નર નાર
પ્રદક્ષણા ફરવારે (શુ
એવી રીતે નીજ જનની, પુરી પ્રભુએ આશ
પડવે સીનોર બીરાજીયા, અર્જ સ્વીકારી ખાસ
એવા પ્રભુના ગુણ શું વર્ણન કરૂ, દુનીઆમાં યશ પ્રશરી રહ્યો (શુ.

(રાગ ચીર લેકે કદમ ચઢે ગીરધારી)

ચલો જઇએ નીરખવા સાર, પધાર્યા શ્રી ગોવીંદ રાજકુમાર
સુંદર મુખ ઉપર જાઊ બલીહાર, ગુણ રૂપ તણો અખુટ ભંડાર
બીજે ત્રીજે કીધી બહુ લેહેર, પધાર્યા સહુ વૈષ્ણવને ઘેર
સેવા લઇ કીધો અંગીકાર (ગુણ.
શ્રી દેવકીનંદન શુભ સત્ય નામ, સ્મરણ કરી સદા ધરજે ધ્યાન
રાખો વીશ્વાસ ઊતરસો પાર (ગુણ
આવી ચોથ કીધા ઊદાસ, તુટી સૌ વૈષ્ણવ મનની આસ
કુચ કીધી પોતે થયા તૈયાર (ગુણ
નીરાસ થયા સઊ સેવક જન, આવ્યા સઊના ઝટ દુ:ખના દીન
ગુમાવ્યું રત્ન અમુલખ સાર (ગુણ

(રાગ મહાડ.)

શ્રી દેવકીનંદન કરૂ હું વંદન, દુષ્ટની કંદન પ્યારા પ્રાણધાર
૧ ભકતવત્સલ જગત ઓધારણ, નીજ જનના પ્રતીપાળ
પ્રેમે પધાર્યા કૃપા કરીને, શ્રમ લીધો શ્રીગોપાળરે
નીજ જનને કાજે પધાર્યા આજે, રાખવા લાજે, (પ્યારા.
૨ ધર્મ તણું રક્ષણ કરવા, ધર્યો નીજ અવતાર
પરદેશ પધારી દૈવીજીવોને, આપી પદરજ સારરે
પ્રીતે શીક્ષા દીધી, બાંધી રીત સીધી, સંભાળ લીધી (પ્યારા.
૩ ચૈત્ર શુદી ૧૨નો દીન સુભ અઠાવનની સાલ
શનીવારે અઢી વાગે, રાજે પધાર્યા સારરે
છે આનંદકારી, અરજી સ્વીકારી, જાઊ બલીહારી (પ્યારા.

૪ ઘણો શ્રમ લઇ દરસન દીધાં, કૃપા કરી શીરતાજ
તે બદલો શી રીતે વળસે, રાખી અમારી લાજરે
છો છોગાલા, ભકતોને વહાલા નાથ કૃપાળા (પ્યારા.

૫ શ્રી કૃષ્ણ ઊપાસીક મંડળી માથે, આપ ધણી મહારાજ
ચર્ણ કમલમા હરનીસ રાખો, વૈષ્ણવના શીર તાજરે
નીજ ચર્ણની પાસ રેહેવાને આશ વીનતી છે ખાસ (પ્યારા.

શ્રી કૃષ્ણોપાશીક મંડળી તરફથી પ્રસીદ્ધ થએલાં

પુસ્તકોની યાદી	કીમત	પોસ્ટ ખર્ચ
૧ શ્રી નાથજી સ્તવન	૦—૧—૦	૦—૦—૬
૨ પુષ્ટી માર્ગ વીજય	૦—૨—૦	૦—૦—૬
૩ . મદ દેવકીનંદનાચાર્ય વીજય	૦—૦—૬	૦—૦—૬

ઉપરનાં પુસ્તકો પૈકિ ગમે તે પુસ્તક મગાવનારને ૦—૧—૦ વધુ મોકલેથી શ્રી નાથજીની સુંદર દર્શનીય છબી મોકલવામાં આવશે.

મુ સીનોર ઠે. દેવફળી } શ્રી કૃષ્ણોપાશીક મંડળી
ના વ્યવસ્થાપક કેશવલાલ
ગીરધરલાલ.

વીનંતી.

સર્વ સદ્ ગૃહસ્થોને નમ્રતા પુર્વક વીનતી કે આ મંડળીમાં કેટલુંક ભંડોલ કરી પુસ્તકાલય દર રવીવારે સાંજના ૪ થી ૬ સુધી ખુલ્લુ મુકવા ઠરાવ્યું છે તથા તે વખતે શાસ્ત્રી જગન્નાથ કાળાભટ પણ ઊપદેશ અર્થ આવશે માટે સર્વ વૈષ્ણવ બંધુને વીનંતી કે સદરહુ વખતે મંડલી બેશેછે તે જગોએ પધારી આભારી કરશો.

દા. બલદેવદાસ હરીલાલ. શ્રી કૃષ્ણોપાશીક મંડળી

વાંચો વાંચો અલભ્ય લ

શ્રીમદ્ ગોસ્વામી શ્રી દેવકીનંદના ચાર્યજી મહારાજશ્રીન લખ શ્રી ગુંસાઈજીની નીજ વાર્તાનું પુસ્તક થોડા દીવસમ પાડીશું એ પુસ્તકમાં શ્રી ગુંસાઈજીનું પ્રાગટ્ય, નિજ વાર્તા ગુંસાઇજીની બેઠકનાં ચરીત્રો તથા પોતે કરેલા અગાધ ચરી વનયાત્રા, વીગેરે દાખલ કરવામાં આવશે. તથા શ્રીનાથજીની સુંદર છબી મુકવામાં આવશે અગાઉથી ગ્રાહક થનારને ફાયદેથી મળશે અને મુબારક બાદી માટે નામ દાખલ કરવામાં આવશે. એટલુ જ નહીં પણ આ પુસ્તકના માટે ઊતેજન આપ્યું એમ ગણી તેમનો ઘણોજ આભાર માનીશુ.

પ્ર. શીનોર ઠે. ડભકુશી } શ્રી કૃષ્ણો પાશીક વૈષ્ણવો
માંડવી.